અપીલ અરજી નં.પ તા.૪–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સંજીવકુમાર
સામાવાળાઃ– ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજીવકુમાર તા.૮–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ જાન્યુ.૨૦૧૧ સુધી મહાનગરપાલિકામાં કેટલા ગોટાળા (કૌંભાડ)થયા. મુદ્દા નં.(૨) ઘોટાળો કઈ બાબતમાં હતા અને તેમાં મહાનગરપાલિકાને કેટલું નુકશાન થયું. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૪–૧૧ ની **SMC/FAP/** નં.પ/૨૦૧૧–૧૨

શ્રી સંજીવકુમાર તા.૮–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ જાન્યુ.૨૦૧૧ સુધી મહાનગરપાલિકામાં કેટલા ઘોટાળા (કૌંભાડ) થયા. મુદ્દા નં.(૨) ગોટાળો કઈ બાબતમાં હતા અને તેમાં મહાનગરપાલિકાને કેટલું નુકશાન થયું. વિગેરે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.વીઆઈડી/ ૧૯૨૭ તા.૫–૩–૧૧ તથા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)ના પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/૬૨૭ તા.૭–૩–૧૧ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્રનં.આરટીઆઈ સેલ/૪૫ તા.૧૧–૪–૧૧ થી ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૩ ની અપીલ અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પઅનેઈ) ના પત્ર અન્વયે સ્પષ્ટતા કરીને કે તપાસણી કરી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૪૯ તા.૨૦–૪–૧૧ થી પૂરક વિગતોમાંઅરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૨૫ તા.૧૦–૨–૧૧ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૮૦૩ તા.૧૫–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારીને તબદીલ કરેલ પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/ ૧૯૨૭ તા.૫–૩–૧૧ થી આપેલી માહિતી અંગેના પત્રની નકલ તથા તેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જાવક/જીએડી/ઈએસટી/આઈ/૩૧ તા.૨૧–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૭ તા.૭–૩–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩૦–૪–૧૧ નો રજૂઆત પત્ર મળેલ છે.

અરજદારની તા.૮–૨–૧૧ ની અરજીથી સુરત મહાનગરપાલિકામાં એપ્રિલ –૨૦૦૭ થી ૩૧ જાન્યુ.૨૦૧૧ સુધી થયેલ ઘોટાળા અને તે અંગે તપાસ અને શિક્ષા અંગેની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૭૨૫ તા.૧૦–૨–૧૧ થી વીજીલન્સ વિભાગને તબદીલ કરવામાં આવેલ. વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/ આ.નં. ૧૮૦૩ તા.૧૫–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારીને મુદ્દા નં.૧ થી ૩ માટે તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ જાન્યુ.૨૦૧૧ સુધી મહાનગરપાલિકામાં કેટલા ગોટાળા (કૌંભાડ) થયા. મુદ્દા નં.(૨) ગોટાળો કઈ બાબતમાં હતા અને તેમાં મહાનગરપાલિકાને કેટલું નુકશાન થયું. મુદ્દા નં.(૩) ગોટાળામાં કયા બે અધિકારી કર્મચારી દોષી ઠરાવી અને તેમના વિરુધ્ધ કઈ કઈ કાર્યવાહી કરવામાં આવી તેમના નામ અને હોદ્દાની વિગતો આપો.તેવા મુદ્દા નં.૧ થી ૩ ના પ્રશ્નો બાબતે ડે.કમિ (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૭ તા.૭–૩–૧૧ થી " તેમની અરજીના મુદ્દા નં. ૧ થી ૩ માં માંગવામાં આવેલી માહિતી અસ્પષ્ટ અને સંદિગ્ધ હોવાથી કયા કિસ્સા બાબતે અને કયા બે અધિકારીઓ બાબતે માહિતી આપવી તે નકકી થઈ શકતું નથી. જેથી તમારા તરફથી કોઈ ચોકકસ બનાવનો ઉલ્લેખ કરીને કોઈ ચોકકસ કર્મચારી અધિકારી બાબતે માહિતી માંગવામાં આવે તો તે અંગેનો ખાતાકીય તપાસ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતી પૂરી પાડવાની રહે છે. તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં. ૪

થી ૬ ના બાબતે વીજીલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી વીઆઈડી/૧૯૨૭ તા.૫–૩–૧૧ થી મુદ્દા નં. ૪ તે સમયે કયા બે અધિકારી કર્મચારીઓની વિરુધ્ધ વીજીલન્સ તપાસ ચાલી રહી છે. તેવા પ્રશ્ન બાબતે વીજીલન્સ ખાતા ધ્વારા કર્મચારી અધિકારી સામે વીજીલન્સ તપાસ ચાલતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૫ ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ જાન્યુ.૨૦૧૧ ના સમયગાળામાં કયા અધિકારીના મામલે વીજીલન્સ સોંપી ગઈ અને તે મામલો પર કઈ –૨ કાર્યવાહી અત્યાર સુધી કરવામાં આવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી જાન્યુ. ૨૦૧૧ ના સમયગાળા દરમ્યાન ચકાસેલ કેસો પૈકી કુલ–૧૭ અધિકારી કર્મચારીઓને ફરજ મૌફુકી હેઠળ મુકવામાં આવેલ છે. તેમજ કુલ–૮૦ કર્મચારી અધિકારીઓને કારણદર્શક નોટીસો આપી ખુલાસો માંગવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ વીજીલન્સ ખાતામાં કેટલા અધિકારી કર્મચારી કામ કરે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હાલમાં વીજીલન્સ ખાતામાં ૪ (ચાર) ટેકનીકલ અધિકારી, ૧૧ રેવન્યુ અધિકારી તેમજ એક ડ્રાઈવર અને ૪ પટાવાળા મળી કુલ ૨૦ કર્મચારી ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. બાબતે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવના પત્ર નં. વીઆઈડી/૧૯૨૭ તા.૫–૩–૧૧ અને મુદ્દા નં.૧ થી ૩ માહિતી મળી નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પત્ર નં. જીએડી/ઈએસટી/આઈ/ ૬૨૭ તા.૭–૩–૧૧ થી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારની માહિતી માંગણી સંદિગ્ધ અને અસ્પષ્ટ હોઈ વિગત સ્પષ્ટ કરવા જણાવેલ. ત્યાર બાદ અરજદારે પૂરક વિગતોમાં ૧ લી એપ્રિલ ૨૦૦૭ થી ૩૧ જાન્યુ.ના સમયગાળામાં જુદા જુદા કારણોથી નોટીસ પાઠવી ફરજ મૌકુફી હેઠળના અધિકારીઓની યાદીની તપાસણીની માંગણી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૪ થી ૬ અંગે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જયારે મુદ્દા નં.૧ થી ૩ અંગે અરજદારે અપીલ તબકકે કરેલ રજૂઆત અનુસાર બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)ને જણાવવામાં આવે છે. જે અંગે અરજદારે લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રહેશે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંજીવકુમાર,